ગાંધીનગર સમાચાર Regd. No. GNR/65-G0






મેગા ટેક્ષટાઈલ્સ ટ્રેડ ફેર - ગાંધીનગરને આંગણે મેગા ટેક્ષટાઈલ્સ ટ્રેડ ફેરનો પ્રારંભ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના વરદ હસ્તે થયો હતો... ભારતનો સૌથી વિશાળ ટ્રેડ ફેરમાં એક હજારથી વધુ ઈન્ટરનેશનલ અને ડોમેસ્ટીક એક્ઝીબીટર્સ ભાગ લઈ રહ્યા છે... ૧૦૦ દેશો અને દેશના બધા જ પ્રાંતોના પ્રતિનિધિઓ પોતપોતાના પ્રદેશની સાંસ્કૃતિક ભાત પ્રદર્શિત કરી રહ્યા છે... પ્રધાનમંત્રીએ ખૂબ જ રસપૂર્વક આખા પ્રદર્શનને નિહાળ્યું હતું અને તેની સાથે કપડા મંત્રી શ્રીમતી સ્મૃતિ ઈરાની, આંધ્રના મુખ્યમંત્રી ચંદ્રાબાબુ નાયડુ અને રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણી સહિત અનેક મહાનુભાવો જોડાયા હતા.... ૧લી અને ૨જી જુલાઈ જાહેર જનતા માટે પ્રદર્શન ખુલ્લુ રહેશે...

# આજે જિલ્લાનો માનવ વિકાસ સૂચકાંક આખરી કરવા માટે બેઠક

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લાનો માનવ વિકાસ સૂચકાંક તૈયાર કરી દેવામાં આવ્યો છે અને આજે આ અંગે જિલ્લાતંત્ર, સરકારની એક મહત્વની બેઠક મળશે.

આયોજન વિભાગના અગ્ર સચિવ એસ. અર્પણાના અધ્યક્ષસ્થાને મળનારી આ બેઠકમાં ત્રણ જિલ્લાના રિપોર્ટ પર ચર્ચાઓ કરી તેને આખરી કરવામાં આવશે.

ગાંધીનગર જિલ્લાનો માનવ વિકાસ સૂચકાંક તૈયાર કરવાની કામગીરી ડી.ડી.આઈ.ટી. નડિયાદના તજજ્ઞોને સોંપવામાં આવી હતી. ૨૦૧૧માં ગુજરાત માનવ વિકાસ સૂચકાંકમાં ૬ઠ્ઠા ક્રમે દેશમાં હતુ ત્યારે રાજ્યના જિલ્લાવાર રિપોર્ટ તૈયાર કરવાની ઘોષણા તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાજકીય વિવાદ થતાં જાહેરાત કરી હતી.

ગાંધીનગર જિલ્લાનો માનવ વિકાસ સૂચકાંક તૈયાર કરવાની કામગીરી ૨૦૧૫માં સોંપવામાં આવી હતી. આ પછી બે વર્ષના અંતે હવે તેને આજની બેઠકમાં આખરી ઓપ આપવામાં આવશે.

આ રિપોર્ટ તૈયાર કરવા માટે છેલ્લા પાંચ વર્ષમાં શિક્ષણ, આરોગ્ય, ખેતીક્ષેત્રે આવેલા બદલાવ તેમજ વિવિધ યોજનાઓના અમલીકરણને પગલે જીવન ધોરણમાં આવેલા બદલાવને આધાર બનાવી તૈયાર કરવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે. આ રિપોર્ટ પર કલેક્ટર કચેરીમાં સવારે ખાસ બેઠક યોજવામાં આવી હોવાનું પણ જાણવા મળેલ છે.

## વિસનગરા નાગર બેસણું



અમારા માતૃશ્રી કંચનબેન ચંપકલાલ મુનશી તા.૨૯-૬-૨૦૧૭ને ગુરવારના રોજ દેવલોક પામ્યાં છે. સદ્દગતનું બેસણું તા.૦૨-૭-૨૦૧૭ રવિવારના રોજ સવારે ૯ થી ૧૧ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વવિદ્યાલય, પ્રાર્થના હોલ, ઈન્કવાયરી ઓફિસની બાજુમાં, શોપીંગ સેન્ટર સામે, સેક્ટર-૨૮, ગાંધીનગર.

લી.
શૈલેષભાઈ ચંપકલાલ મુનશી (પુત્ર) રશ્મિનભાઈ ચંપકલાલ મુનશી (પુત્ર)
ડો.નિલેષભાઈ ચંપકલાલ મુનશી (પુત્ર) ડિમ્પલબેન સમીરભાઈ રાવલ (પુત્રી)

ટચુકડી
જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

# શહેરના માર્ગો પર ચક્કાજામના દ્રશ્યો સર્જાયા

## પ્રદર્શન માટે નિયત પાર્કીંગ પ્લેસ પર વરસાદી પાણી ફરી વળ્યા : રહેણાંક વિસ્તારમાં વાહનો ખડકાયા

ગાંધીનગર તા ૩૦

ગાંધીનગરના જનજીવનમાં આજે અનોખો ધમધમાટ જોવા મળ્યો હતો. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના આગમનને અનુલક્ષી શહેરમાં ચુસ્ત પોલીસ બન્દોબસ્ત વચ્ચે ટ્રાફિક જામના દ્રશ્યો પણ જોવા મળ્યા હતા. સે-૧૭ સ્થિત હેલીપેડ મેદાન ખાતે આયોજિત આંતરરાષ્ટ્રીય ટેક્ષટાઈલ એક્સ્પોના લીધે શહેરના ચ અને ઘ માર્ગ પર ચક્કાજામના દ્રશ્યો સર્જાયા હતા. પ્રદર્શન સ્થળ પર પણ નોંધણી માટે ભીડ જામી હતી. જયારે પ્રદર્શનને અનુલક્ષી નગરમાં પાંચ ઠેકાણે નિયત કરાયેલી પાર્કીંગ વ્યવસ્થા પણ ખોરવાઈ ગઈ હતી. પાર્કીંગ પ્લેસ પર વરસાદી પાણીનો ભરવો થતા નગરના સે ૧૬ અને સે-૧૭ માં રહેણાંક વિસ્તારમાં પણ વાહનોનો ખડકલો જોવા મળ્યો હતો.

ગાંધીનગરના જનજીવનમાં આજે અનોખો ધમધમાટ જોવા મળ્યો હતો. નગરના માર્ગો પર ટ્રાફિક સિનારીયો પણ બદલાયો હતો. શહેરના મુખ્ય માર્ગો પર વાહનોની કતાર જોવા મળી હતી. પ્રધાનમંત્રીના આગમનની સાથે નગરના આંગણે ૨૨ સે-૧૬ અને ૧૭ સહીત ચાર ઠેકાણે પાર્કીંગની વ્યવસ્થા નિયત કરાઈ હતી. પરંતુ ગઈકાલે વરસાદના ભારે મામલે પણ અવ્યવસ્થા ઉભી થઈ હતી. એકબાજુ પ્રદર્શનમાં એન્ટ્રી માટે નોંધણીની પ્રક્રીયા પણ જટીલ અને પણ આવી જ સ્થિતિ થઈ હતી. સે-૧૬ અને સે-૧૭ના રહેણાંક વિસ્તાર નજીક જ વાહનો ગોઠવાઈ ગયા હતા.




ઈન્ટરનેશનલ કક્ષાના ટેક્ષટાઈલ પ્રદર્શનનો પ્રારંભ કરવામાં આવતા મુલાકાતીઓની ભીડ ઉમટી હતી. સવારથી જ નગરમાં વાહનોની વિશેષ અવરજવર રહી હતી. જયારે શહેરના મુખ્ય માર્ગો પર સતત ટ્રાફિકનો ધમધમાટ રહયો હતો. શહેરના ઘ અને ચ માર્ગ પર ચક્કાજામના દ્રશ્યો સર્જાયા હતા. પ્રદર્શનને અનુલક્ષી સે- ઝાપટાના લીધે પાર્કીંગ પ્લેસ પર વરસાદી પાણી ઉભરાયા હતા. જેના લીધે વાહનચાલકોને હાલાકી વેઠવાનો વારો આવ્યો હતો. જયારે પ્રદર્શન માટે મુલાકાતીઓની સંખ્યા વધતા પાર્કીંગના ધીમી રહેતા ભીડ જામી હતી. જયારે પાર્કીંગ વ્યવસ્થા પણ ગોથે ચઢતા પ્રદર્શન સેન્ટર નજીકના રહેણાંક વિસ્તારમાં વાહનોનો ખડકલો થયો હતો. ગત વાઈબ્રન્ટ સમિટ દરમિયાન જેના લીધે સ્થાનિક રહીશોને પણ હાલાકી વેઠવાનો વારો આવ્યો હતો. જયારે દિવસ દરમિયાન નગરમાં વરસાદી ઝાપટા વચ્ચે મોસમની સાથે ટ્રાફિકનો પણ નઝારો બદલાયો હતો.

## રાજ્યમાં હજુ ભારે વરસાદની આગાહી

અમદાવાદ, તા. ૨૯

ગુજરાતભરમાં આગામી પાંચ દિવસ દરમિયાન ભારેથી અતિ ભારે વરસાદ પડવાની ચેતવણી તંત્ર દ્વારા જારી કરવામાંઆવી છે. બીજી બાજુ ગુજરાત પ્રદેશ પર મોનસુન જોરદારરીતે સક્રિય થયું છે જેથી આજે પણ અનેક જગ્યાઓએ ભારે વરસાદ થયો હતો. અપરએર સાયક્લોનિક સરક્યુલેશનની સ્થિતિ સર્જાયેલી છે. અમદાવાદમાં પણ વરસાદ અમદાવાદમાં શહેરમાં પણ છેલ્લા બે ત્રણ દિવસથી વરસાદી ઝાપટા પડી રહ્યા છે. વરસાદી ઝાપટાના કારણે ઠંડક પ્રસરી રહી છે. બીજી બાજુ અમદાવાદ માટેની સ્થાનિક આગાહીમાં જણાવવામાં આવ્યું છે કે, વરસાદ ગાજવીજ સાથે પડી શકે છે. બીજી બાજુ હવામાન વિભાગે આગામી પાંચ દિવસ દરમિયાન ભારેથી અતિ ભારે વરસાદ પડવાની ચેતવણી જારી કરી છે. દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છના વિસ્તારારોમાં ભારે વરસાદની આગાહીને લઈને તંત્ર સંપૂર્ણ સાવધાન થયેલું છે.

## બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.

બનાસ ડેરી, પો.બો. નં. ૨૦, પાલનપુર-૩૮૫૦૦૧.

જા.નં. બનાસ/વહી/૧૯૨૦ આર.પી.એ.ડી. તા. ૨૯/૬/૨૦૧૭

# ૪૯મી વાર્ષિક સાધારણ સભાની નોટીસ

આથી સંઘની સાધારણ સભાની તમામ સભ્ય સભાસદ મંડળીઓને જણાવવામાં આવે છે કે, સંઘની ૪૯મી વાર્ષિક સાધારણ સભા તા. ૧૪/૭/૨૦૧૭ને શુક્રવારના રોજ બપોરના ૧૨-૦૦ કલાકે બનાસ ડેરી સંચાલિત બનાસ ઓઈલ યુનિટ, ડીસા હાઈવે, બાદરપુરા ખાતે નીચેના કાર્યવાહી હાથ ધરવા સારું રાખવામાં આવેલ છે, તો આ પ્રસંગે સભામાં હાજરી આપવા સભ્ય સભાસદ મંડળીએ તેમના પ્રતિનિધિશ્રીને મોકલવા વિનંતી છે.

**કાર્યસૂચિ :-**

(૧) ગત તા. ૭/૭/૨૦૧૬ના રોજ મળેલ વાર્ષિક સાધારણ સભાની કાર્યવાહીને બહાલ રાખવા બાબત.

(૨) નિયામક મંડળની તા. ૨૬/૬/૨૦૧૭ની બેઠકમાં મંજૂર કરેલ તા. ૩૧/૩/૨૦૧૭ના રોજ પૂરા થતાં વર્ષનું સંઘનું વેપાર તેમજ નફા-તોટા ખાતું તથા સરવૈયું રજૂ કરી તેની નોંધ લેવા તથા સને ૨૦૧૬-૧૭માં સંઘે કરેલ નફાની વહેંચણી અંગે નિયામક મંડળે કરેલ ભલામણ મંજૂર કરવા બાબત.

(૩) સને ૨૦૧૭-૨૦૧૭ના વર્શ માટેનું આવક / ખર્ચનું અંદાજપત્રક મંજૂર કરવા તેમજ સને ૨૦૧૬-૨૦૧૭ના વર્શ દરમિયાન અંદાજ કરતાં થયેલ વધારાનો ખર્ચ મંજૂર કરવા નિયામક મંડળે કરેલ ભલામણ મંજૂર કરવા બાબત.

(૪) સંઘના પેટા કાયદાની કલમ-૫ મુજબ મર્યાદામાં રહી સંઘે લેવાના કર્જ અને ઉછીના નાણાંની યત્તા નક્કી કરવા બાબત.

(૫) વૈધાનિક ઓડિટરશ્રી તરફતી મળેલ વર્ષ ૨૦૧૬-૧૭નો ઓડિટ રિપોર્ટ તેમજ સંઘે તૈયાર કરેલ વર્ષ ૨૦૧૫-૧૬નો દુરસ્તી અહેવાલ મંજૂર રાખવા બાબત.

(૬) રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના પરિપત્ર જા.નં.ક્રમાંક : વહટ/૬૧૩ / કાસુ/ક/૪૧૭/૦૭ તા. ૨૨/૫/૨૦૦૭ અન્વયે નિયામક મંડળના સભ્યોને ભેટ આપવા બાબત.

(૭) સૂઈગામ અને લાખણી બંને નવીન રેવન્યુ તાલુકાઓને સંઘના નિયામક મંડળમાં પ્રતિનિધિત્વ આપવા તેમજ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૨૯૬૧માં ગુજરાત કો-ઓપરેટિવ સોસાયટીઝ (એમેન્ડમેન્ટ) બિર-૨૦૧૩ અને ૨૦૧૫માં થયેલ સુધારા અન્વયે સંઘના પેટા કાયદાની કલમ-૨૫, ૩૫ (૧) (૩) (૫) અને (૬)માં જરૂરી ફેરફારો કરકવા તા. ૨૬/૬/૨૦૧૭ની મીટીંગમાં ઠરાવ નં. ૧૮થી સંઘના નિયામક મંડળે કરેલ ભલામણ મંજુર કરવા બાબત. (ભલામણ કરેલ સુચિત પેટા કાયદા સુધારા / વધારા અંગેનો મુસદ્દો આ સાથે સામેલ છે.)

(૮) સંઘ દ્વારા બનાસકાંઠા જિલ્લામાં નવીન ડેરી પ્લાન્ટ, નવીન કેટલફીડ પ્લાન્ટ, એડમિનિસ્ટ્રેટીવ ઓફિસ, ટ્રેનિંગ સેન્ટર, અતિથિગૃહ તથા સભાગૃહ બનાવવા બાબત.

(૯) શ્રી બનાસકાંઠા જિલ્લા તેલીબીયાં ઉત્પાદક સહકારી સંઘ લિ., પાલનપુરના બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., પાલનપુર સાથેના મર્જર અંગે આવેલ હાઈકોર્ટના ચુકાદાની નોંધ લઈ, બાદરપુરા ખાતે ઓઈલ સંકુલને પુનઃ ચાલુ કરવા ચર્ચા કરી, મંજુરી આપવા બાબત.

(૧૦) પ્રમુખશ્રી તરફથી અગર તેમની મંજૂરીથી રજૂ થાય તે ઉપર વિચારણા કરવા બાબત.

બિપિન પટેલ
ઈન્ચાર્જ મેનેજિંગ ડિરેક્ટર
નિયામક મંડળની સુચનાથી

પાલનપુર
તા. ૨૯/૬/૨૦૧૭

**નોંધ :**

૧. સંઘની દરેક સભ્ય સભાસદ મંડળી તેની વ્યવસ્થાપક કમિટીના સભ્યો પૈકી ૧ (એક) સભ્યનો ઠરાવ કરી, તેને સાધારણ સભામાં મંડળી વતી હાજર રહેવા મોકલી શકશે. હાજર રહેનાર કમિટી સભ્યે આ સાથે સામેલ ઠરાવના ફોર્મેટમાં જરૂરી માહિતી ભરી સાધારણ સભાના દિવસે રૂબરૂ લઈને આવવાનું રહેશે. મંડળીનો પ્રતિનિધિ સંઘ તથા મંડળી પાસેથી વેતન મેળવતો હોવો જોઈએ નહીં.

૨. હિસાબને લગતા પ્રશ્નો અંગે સભાસદોને જો કોઈ માહિતી જોઈતી હોય તો તા. ૧૨/૭/૨૦૧૭ પહેલા લેખિત જાણ કરવા વિનંતી છે.

ગાંધીનગર માટે
LED, LCD & Colour TV
રીપેરીંગ
સોમનાથ
ઈલેક્ટ્રોનિક્સ
બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર, ચંદ્ર ફોટો સ્ટુડિયોની લાઈનમાં, બીજા માળે, સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬
મો. ૯૪૨૬૨ ૭૦૪૮૧

# મતદારયાદીની સુધારણા-૨૦૧૭

**મતદારયાદી સુધારણા કાર્યક્રમ-૨૦૧૭ અંતર્ગત આપનું નામ મતદારયાદીમાં નોંધાવવા માટેની અમૂલ્ય તક....**

**શું આપનું નામ અને ફોટો મતદારયાદીમાં છે ?**

**શું આપના કુટુંબના લાયક સભ્યોના નામ મતદારયાદીમાં છે ?**

**શું આપ જે મતદાન મથકના વિસ્તારમાં રહો છે તે જ વિસ્તારમાં આપનું નામ છે ?**

## આ વિગતોની ચકાસણી માટે મતદારયાદી ક્યાં જોવા મળશે ?

**તા. ૧-૭-૨૦૧૭ થી તા. ૩૧-૭-૨૦૧૭ સુધી મતદારયાદીનો મુસદ્દો**

- કલેક્ટર કચેરી
- મતદાર નોંધણી અધિકારી / પ્રાંત અધિકારીની કચેરી
- મામલતદાર કચેરી
- મ્યુનિસિપલ કોર્પોરેશનની વૉર્ડ કચેરી
- ગ્રામ પંચાયતની કચેરી
- મ્યુનિસિપાલિટી

ખાતે રાખવામાં આવેલ છે, જ્યાં આપ આપના નામની સામે આપના ફોટાની પણ રૂબરૂ ચકાસણી કરી શકશો. આ ઉપરાંત વેબસાઈટ www.ceo.gujarat.gov.in પર પણ આપ આપના નામની ચકાસણી કરી શકશો.

## જાગૃત નાગરિક તરીકે આપનો સહયોગ લોકશાહી તંત્રની પાયાની જરૂરીયાત

મતદારયાદીમાં નામ નોંધાવવા, રદ કરાવવા, કોઈ નામ સામે વાંધો લેવા અને નામ તથા અન્ય વિગતો સુધારવા શું કરશો ?

- તા. ૧-૧-૨૦૧૭ના રોજ ૧૮ વર્ષ કે તેથી વધુ ઉંમરના મતદારનું નામ નોંધાવવા માટે નમૂના-૬ (ઉંમર તથા રહેઠાણના પુરાવા સહિત)માં અરજીકરવી.
- નમૂના-૬માં આપના પાસપોર્ટ સાઈઝનો કલર ફોટોગ્રાફ નિયત જગ્યાએ ચોંટાડવો, જેથી નામ દાખલ કરતી વખતે મતદારયાદીમાં આપના નામની સામે આપનો ફોટો પણ આવી શકે.
- મતદારયાદીમાં કોઈ નામ સામે વાંધો લેવાનો હોય તો તે માટે અથવા મતદારયાદીમાંથી નામ રદ કરાવવા માટે નમૂના-૭માં અરજી કવી.
- મતદારયાદીમાં નોંધાયેલ પોતાનું નામ તથા અન્ય વિગતો સુધારવા નમૂના-૮માં અરજી કરવી.
- એક જ વિધાનસભા મતવિભાગના એક ભાગમાંથી બીજા ભાગમાં નામ તબદીલ કરવા માટે નમૂના-૮(ક)માં અરજી કરવી.

ઉપર્યુક્ત નમૂના કલેક્ટર કચેરી, મતદાર નોંધણી અધિકારી / પ્રાંત અધિકારીની કચેરી, મામલતદાર કચેરીમાંથી વિનામૂલ્યે મેળવી શકશો તેમજ આ નમૂના ભરીને જરૂરી પૂરાવા સાથે ત્યાં જ આપી શકશો. ઉપરાંત મુખ્ય નિર્વાચન અધિકારીની વેબસાઈટ www.ceo.gujarat.gov.in પર આપ ઓનલાઈન અરજી પણ કરી શકશો.

**તા. ૯-૭-૨૦૨૧૭, તા. ૧૬-૭-૨૦૧૭ અને તા. ૨૩-૭-૨૦૧૭, રવિવારના રોજ ખાસ ઝુંબેશના દિવસોએ સવારે ૧૦-૦૦ થી સાંજે ૬-૦૦ કલાક દરમિયાન આપના વિસ્તારના મતદાન મથકોએ પણ આ નમૂના મેળવી શકશો તેમજ ભરેલ અરજીઓ તે જ સ્થળોએ પરત આપી શકશો.**

## હવે SMS દ્વારા પણ વિગતો ચકાસી શકાશે.

આપના મોબાઈલમાં ગુજરાત રાજ્યની કોઈપણ જગ્યાએ epic<space> આપનો મતદાન ઓળખપત્ર નંબર લખી ફોન નંબર ૮૫૧૧૧૯૯૮૯૯ પર SMS મોકલી આપવાથી આપની મતદારયાદીમાંની વિગતો જાણી શકાશે. અને તે જ પ્રમાણે blo<space> આપનો મતદાર ઓળખપત્ર નંબર લખી SMS મોકલી આપવાથી આપના વિસ્તારના બુથ લેવલ અધિકારીની વિગતો જાણી શકાશે.

## વધુ વિગતો માટે ૧૯૫૦ નંબર ઉપર સંપર્ક કરો

- જૂના ઓળખકાર્ડને બદલે નવું કલર ફોટોગ્રાફ વાળું PVC ઓળખકાર્ડ મેળવો :
- આપના જૂના ઓળખકાર્ડની જગ્યાએ નવું કલર ફોટોગ્રાફવાળું PVC ઓળખકાર્ડ મેળવવા ઈચ્છતા હોય તો આપના જિલ્લા / તાલુકાના મતદાર સહાયતા કેન્દ્ર તેમજ અધિકૃત સ્થળોએ ફક્ત કામકાજના દિવસોએ કચેરી સમય દરમિયાન નિયત ફી રૂ. ૩૦/- ભરીને આપ મેળવી શકો છો. આ ઓળખકાર્ડ અધિકૃત કરવામાં આવેલ સ્થળોએથી જ મેળવવાનો આગ્રહ રાખો. આ ઓળખકાર્ડ મેળવવું ફરજીયાત નથી.
- જો નવું ઓળખપત્ર નહીં લેવામાં આવે તો જૂનું ઓળખકાર્ડ પણ માન્ય રાખવામાં આવશે અને તેના દ્વારા પણ આપ ચૂંટણી વખતે મતદાન કરી શકશો.

## યાદ રાખો

**એક જ મતદાર વિભાગમાં એક કરતાં વધુ વખત અથવા એક કરતાં વધારે મતવિભાગની મતદારયાદીમાં નામ નોંધાયેલ હોવું તે લોકપ્રતિનિધિત્વ ધારાની જોગવાઈ હેઠળ સજાને પાત્ર ગુનો બને છે.**

**અરજી કરવાની તારીખ : ૧-૭-૨૦૧૭ થી ૩૧-૭-૨૦૧૭ સુધી**

**આપની પાસે મતદાર ફોટોઓળખપત્ર હશે પણ મતદારયાદીમાં નામ નહીં હોય તો આપ મતદાન કરી શકશો નહી, આથી જો ફોટો ઓળખપત્ર હોય તો પણ મતદારયાદીમાં આપનું નામ ચકાસી લો કે જેથી વિધાનસભાની આગામી ચૂંટણીમાં મતદાન કરવામાં આપને મુશ્કેલી ન પડે.**

માહિતી/૮૯૪/૧૭-૧૮ - મુખ્ય ચૂંટણી અધિકારી, ગુજરાત રાજ્ય

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com